બિનસરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા ઓડીટ કરાવેલ સ્ટેટમેન્ટ તથા વિદ્યાર્થીઓની ફીની રકમ જમા કરાવવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક/ઉમશ/૧૨૯૫/૨૭૯૫-ગ-૧
સચિવાલય ગાંધીનગર.
તારીખ. ૨૦ સપ્ટે. ૧૯૯૬

વંચાણે લીધો:-

ઉ. શિ. ક. શ્રી ગુ.રા.ગાંધીનગરનો તા.૨૯-૮-૯૫નો પત્ર ક્રમાંક/અનદ-૧/બ/ઓડીટ ૯૫-૯૬/૧૦૯૪૮

'' ઠ રા વ ''

રાજયમાં આવેલી બિનસરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓ દ્વારા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પાસે ઓડીટ કરાવેલ સ્ટેટમેન્ટ નિયત સમયમર્યાદામાં રજુ કરવા અને વિદ્યાર્થીઓ પાસેથી એકત્રીત કરેલ ફીની રકમ સરકારમાં જમા કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. આ અંગે ઉકત વંચાણમાં લીધેલ ઉચ્ચ શિક્ષણ કમિ.શ્રી ના તા.૨૯-૮-૯૫ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત ઉપર પુખ્ત વિચારણાને અંતે સરકાર નીચે મુજબ ઠરાવે છે.

૨/- રાજયમાં આવેલી બિન સરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ નિયમની જોગવાઈ મુજબ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પાસે ઓડીટ કરાવેલ સ્ટેટમેન્ટ રજુ ન કરે તથા વિદ્યાર્થીઓ પાસેથી એકત્રીત કરવામાં આવેલી ફી ની રકમ સરકારમાં જમા ન કરાવે તેવી શાળાઓને તમામ પ્રકારની ગ્રાન્ટ બંધ કરી દેવાની સતા ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી ગુ.રા.ગાંધીનગરની રહેશે અને તેટલે અંશે ગ્રાન્ટ ઈન એઈડ કોડના નિયમ. ૯૦.૨ તથા નિયમ ૯૫ માં નીચે મુજબ સુધારો ગણવાનો રહેશે.

(૧) નિયમ.૯૦.૨ ની શરુઆતમાં '' શાળાના''શબ્દની આગળ ''માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક'' શબ્દ ઉમેરવાનો રહેશે.

(૨) નિયમ ૯૦.૨ ની જોગવાઈ પુરી થયા બાદ નીચે મુજબનો ફકરો ઉમેરવાનો રહેશે.

'' જે શાળાઓ આગલા વર્ષના ઓડીટેડ સ્ટેટમેન્ટ પછીના વર્ષના જુન માસ સુધીમાં રજુ ન કરે તો તેવી શાળાઓને નિભાવ ગ્રાન્ટનો બીજો-ત્રીજો હપ્તો ચુકવવો નહી અને સીધા પગાર યોજના હેઠળ અપાતી પગાર ભથ્થાની ગ્રાન્ટ બંધ કરવી.

ઓડીટેડ સ્ટેટમેન્ટ રજુ થયેથી આવી શાળાઓએ ઉઘરાવેલ ફીની રકમ જમા કરાવેલ છે કે કેમ? તેની ચકાસણી કરી શાળાઓએ આવી ફી જમા કરાવેલ ન હોય તો શાળાને ચુકવવાપાત્ર નિભાવગ્રાન્ટ સામે સરભર કરવી, અને ત્યારબાદ નિભાવ ગ્રાન્ટ ચુકવવાપાત્ર થાય તો જ નિભાવ ગ્રાન્ટ ચુકવવી. ચુકવવાપાત્ર નિભાવ ગ્રાન્ટ કરતા ફી ની રકમ વધુ હોય તેવા સંજોગોમાં શાળા આવી વધારાની ફીની રકમ સરકારશ્રીમાં જમા ન કરાવે ત્યાં સુધી સીધા પગાર યોજના હેઠળ આપવાની થતી પગાર ભથ્થાની ગ્રાન્ટ અટકાવવી.

(૩) નિયમ-૯૫ પછી નિયમ-૯૫(૧) નીચે મુજબ ઉમેરવાનો રહેશે. ''જે શાળાઓ અગાઉના વર્ષના ઓડીટેડ સ્ટેટમેન્ટ પછીના વર્ષમાં જુન માસના અંત સુધીમાં રજૂ ન કરે તેવી શાળાઓની વિગતવાર રજુઆત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તરફથી ઉચ્ચ શિક્ષણ કમિશ્નરને મળ્યેથી ઉચ્ચ શિક્ષણ કમિશ્નર આવી શાળાઓની નિભાવ ગ્રાંટ અને પગાર ભથ્થા સહિતની તમામ ગ્રાન્ટ અગાઉથી તાકીદ આપ્યા સિવાય ઘટાડી શકશે અથવા પરત ખેંચી શકશે.''

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી.
(આર.એ.લાડે)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ,
૯૯૯૭/૧૦૨૫૨

ક્રમાંક/માધ્ય.ખ-૪/૯૬-૯૭/
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
વઢવાણનો ઉતારો, રાજકોટ.
તારીખ. ૩૦/૯/'૯૬.

ઉકત ઠરાવને ધ્યાનમાં લઈને જરુરી કાર્યવાહી કરવા સારુ તેમજ સને. ૧૯૯૫-૯૬ વર્ષ સુધીના સી.એ. ઓડીટેડ સ્ટેટમેન્ટ મોકલવાના બાકી હોય તેવી શાળાઓએ તા. ૨૧-૧૦-૯૬ સુધીમાં આ કચેરીમાં રુબરુમાં ખ-૪ શાખામાં મોકલવા. અન્યથા આવી શાળાઓની ઠરાવમાં થયેલ જોગવાઈ પ્રમાણે સીધા પગાર બીલ યોજના હેઠળ અપાતી પગાર ભથ્થા સહિતની ગ્રાંટ બંધ કરવામાં આવશે.

સને.૧૯૯૬-૯૭ ના વર્ષમાં આવેલ ફીની રકમ સરકારશ્રીમાં જમા કરાવી ચલણની નકલ પણ બતાવેલ સમય મર્યાદામાં અત્રે રજુ કરવી. આ અંગેની જાણ શાળાના સંચાલક મંડળને કરવી.

(સહી)
જિલ્લા શિક્ષણાધિકારી
રાજકોટ.

પ્રતિ,
- આચાર્ય/આચાર્યશ્રી,
તમામ બીન સરકારી માધ્યમિક/
ઉચ્ચતર માધ્યમિક શાળાઓ.
રાજકોટ જીલ્લો.

- નકલ જાણ માટે:-

સંયુકત શિક્ષણ નિયામકશ્રી, માધ્ય.
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી,
ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૧૨
ગાંધીનગર.

2601-8
B.O.